**ચોથી ટી-20**

# હાર્દિક-શિવમની જુગલબંધીથી ભારતે 181 રન બનાવ્યા

**બીજી** ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવ્યા પછી રિન્કુ-અભિષેકના ડેમેજ કન્ટ્રોલ પછી હાર્દિક-શિવમની તોફાની બેટિંગ

**હાર્દિક** પંડ્યાએ 30 બોલમાં 53 અને શિવમ દુબેએ 34 બોલમાં 53 રન કરીને બંનેએ 87 રનની ભાગીદારી કરી



પુણે, તા. 31 : પાંચ ટી-20 મેચની સીરિઝની આજે શુક્રવારે અહીં રમાયેલી ચોથી મેચમાં બીજી ઓવરમાં ટોપ ઓર્ડરની ત્રણ વિકેટ ગુમાવ્યા પછી હાર્દિક પંડ્યા અને શિવમ દુબેની તોફાની અર્ધસદીઓની મદદથી ભારતે 20 ઓવરમાં નવ વિકેટે 181 રન બનાવીને ઈંગ્લેન્ડની સામે 182 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત ખાસ રહી ન હતી અને બીજી ઓવરમાં જ 12ના સ્કોર પર સંજૂ સેમસન, તિલક વર્મા અને સૂર્યકુમાર યાદવના રૂપમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. તે પછી રિંકુ સિંહ અને અભિષેક શર્માએ ચોથી વિકેટ માટે 32 બોલમાં 45 રનની ભાગીદારી કરીને ડેમેજ કન્ટ્રોલ કર્યું હતું. તે પછી શિવમ દુબે અને હાર્દિક પંડ્યાએ ભારતને 160 રનથી આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે 87 રનની ભાગીદારી થઈ હતી. હાર્દિકે 30 બોલમાં 53 જ્યારે શિવમે 34 બોલમાં 53 રનની ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડ તરફથી સાકિબ મહમૂદે ત્રણ, જેમી ઓવરટને બે અને બ્રાઈડન કાર્સ તેમજ આદિલ રશીદે એક-એક વિકેટ લીધી હતી.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.કાર્સ બો.મહમૂદ | 1 | 3 | 0 | 0 |
| અભિષેક કો.બેથેલ બો.રશીદ | 29 | 19 | 4 | 1 |
| તિલક કો.આર્ચર બો.મહમૂદ | 0 | 1 | 0 | 0 |
| સૂર્યા કો.કાર્સ બો.મહમૂદ | 0 | 4 | 0 | 0 |
| રિંકુ કો.રશિદ બો.કાર્સ | 30 | 26 | 4 | 1 |
| દુબે રનઆઉટ | 53 | 34 | 7 | 2 |
| હાર્દિક કો.બટલર બો.ઓવરટન | 53 | 30 | 4 | 4 |
| અક્ષર કો.બેથેલ બો.ઓવરટન | 5 | 4 | 0 | 0 |
| અર્શદીપ રન આઉટ | 0 | 1 | 0 | 0 |
| બિશ્નોઈ નોટ આઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 10 | | | |
| કુલ (20 ઓવરમાં નવ વિકેટે) | 181 | | | |

**વિકેટપતન :** 1/12, 2/12, 3/12, 4/57, 5/79, 6/166, 7/180, 8/180, 9/181

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 37 | 0 |
| સાકિબ મહમૂદ | 4 | 1 | 35 | 3 |
| બ્રેડન કાર્સ | 4 | 0 | 39 | 1 |
| જેમી ઓવરટન | 4 | 0 | 32 | 2 |
| આદિલ રશીદ | 4 | 0 | 35 | 1 |

# BCCI એવોર્ડ્સ : બુમરાહ શ્રેષ્ઠ પુરૂષ અને મંધાનાને શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર જાહેર

**આજે** એવોર્ડ સમારોહ યોજાશે, સચિન તેંડુલકરને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત થશે

**સરફરાઝ** અને આશા શોભનાની શ્રેષ્ઠ ઇન્ટરનેશનલ ડેબ્યુ માટે પસંદગી, અશ્વિનને સ્પેશિયલ એવોર્ડ મળશે



મુંબઈ, તા. 31 (પીટીઆઇ) : પ્રભાવશાળી ઝડપી બોલર જસપ્રીત બુમરાહને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના પોલી ઉમરીગર એવોર્ડ માટે 2023-24ના સર્વશ્રેષ્ઠ ઇન્ટરનેશનલ ક્રિકેટર પુરસ્કાર માટે પુરૂષ કેટેગરીમાં જ્યારે સ્મૃતિ મંધાનાએ મહિલા વર્ગમાં કેટેગરીમાં વિજેતા જાહેર થયા હતા જેમને શનિવારે આ એવોર્ડ એનાયત થશે. દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરને કર્નલ સીકે નાયડુ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એ વોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો છે.

ટેસ્ટ ક્રિકેટમાં ભારતના બીજા સર્વશ્રેષ્ઠ બોલર અને 537 વિકેટ સાથે નિવૃત્ત થયેલા અનુભવી સ્પિનર રવિચંદ્રન અશ્વિનને વિશેષ પુ રસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો હતો. જ્યારે શ્રેષ્ઠ ઇન્ટરનેશનલ ડેબ્યુ માટે પુરૂષોમાં સરફરાઝને અને મહિલામાં આશા શોભનાની પસંદગી થઇ હતી. મંધાનાને સૌથી વધુ રન અને દીપ્તિને સૌથી વધુ વિકેટ બદલ વન ડે મેડલ પણ એનાયત થશે. તનુષ કોટિયનની બીસીસીઆઇ ડોમેસ્ટિક ટુર્નામેન્ટ ટ્રોફીમાં શ્રેષ્ઠ પ્રદર્શનના એવોર્ડ માટે પસંદગી થઇ હતી. જ્યારે મુંબઇની ટીમને ડોમેસ્ટિક ટૂર્નામેન્ટમાં શ્રેષ્ઠ પરફોર્મન્સની ટ્રોફી એનાયત કરાશે. ઈન્દોરના અક્ષય તોત્રેને ડોમેસ્ટિક ક્રિકેટ સિઝનમાં શ્રેષ્ઠ અમ્પાયરના એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો હતો.

**અંડર-19 મહિલા ટી-20 વર્લ્ડકપની બીજી સેમીફાઇનલ**

# કમલિનીની અર્ધસદી અને સ્પિનરોની મદદથી ઇંગ્લેન્ડને હરાવી ભારત ફાઇનલમાં

**પ્રથમ** સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવનાર દક્ષિણ આફ્રિકા સાથે રવિવારે ફાઇનલ જંગ

**ઈંગ્લેન્ડને** આઠ વિકેટે 113 રન સુધી સિમિત રાખીને ભારતે 15 ઓવરમાં જ એક વિકેટે લક્ષ્યાંક આંબી લીધો

કુઆલાલંપુર, તા. 31 (પીટીઆઇ) : અંડર-19 મહિલા ટી-20 વર્લ્ડકપની આજે શુક્રવારે અહીં રમાયેલી બીજી સેમીફાઈનલમાં સ્પિનરોના શાનદાર પ્રદર્શન બાદ, જી કમલિનીની અર્ધસદીની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે ઈંગ્લેન્ડને નવ વિકેટથી હરાવીને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી.

રવિવારે રમાનારી ફાઈનલમાં ભારતનો સામનો દક્ષિણ આફ્રિકા સામે થશે. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવીને પહેલીવાર મહિલા અંડર-19 ટી-20 વર્લ્ડકપની ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું છે.

ડાબોડી સ્પિનરો પારુણિકા સિસોદિયાએ 21 રનમાં 3 અને વૈષ્ણવી શર્માએ 23 રનમાં 3 વિકેટ ખેરવતા ભારતે ઈંગ્લેન્ડને આઠ વિકેટે 113 રન સુધી સિમિત રાખ્યું હતું અને તે પછી ઓપનર જી ત્રિશાના 29 બોલમાં 35 રન તેમજ કમલિનીના 50 બોલમાં નોટઆઉટ 56 રનની મદદથી ભારતે 15 ઓવરમાં એક વિકેટે 117 રન બનાવીને મેચ નવ વિકેટે જીતી હતી.

આ પહેલા ઇંગ્લેન્ડના બેટ્સમેનોએ સતત સ્વીપ અને પેડલ શોટ રમીને પોતાની વિકેટ ગુમાવી હતી. બોલ્ડ થયેલા છ બેટ્સમેનમાંથી પાંચ આવા શોટ રમવાના પ્રયાસમાં સામેલ હતા. ઈંગ્લેન્ડે ચોથી ઓવર સુધી કોઈ વિકેટ ગુમાવ્યા વિના 37 રન બનાવીને સારી શરૂઆત કરી હતી પરંતુ ત્યાર બાદ તેણે નિયમિત અંતરે વિકેટ ગુમાવી હતી.

**રણજી ટ્રોફી**

# મેઘાલય સામે મુંબઇ મોટી જીત તરફ, હરિયાણા-કેરળ ક્વાર્ટરમાં, કર્ણાટક આઉટ

**જમ્મુ-કાશ્મીરે** બરોડા પર અને સૌરાષ્ટ્રએ આસામ પર સંકજો કસ્યો, દિલ્હીની રેલવે પર સરસાઇ, તમિલનાડુ ક્વાર્ટર ફાઇનલ ભણી

મુંબઈ/વડોદરા/રાજકોટ, તા. 31 : રણજી ટ્રોફીના બીજા તબક્કામાં આજે શુક્રવારે બીજા દિવસની રમત દરમિયાન હરિયાણા અને કેરળની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો, જ્યારે તમિલનાડુ પણ ક્વાર્ટર ફાઈનલ ભણી આગળ વધ્યું હતું. આ તરફ મુંબઈ મેઘાલય સામે મોટી જીત મેળવવા ભણી છે તો જમ્મુ-કાશ્મીરે બરોડા પર તો સૌરાષ્ટ્રએ આસામ પર સંકજો કસ્યો છે, જ્યારે દિલ્હીએ રેલવે સામે સરસાઇ મેળવી લીધી છે.

મુંબઈએ મેઘાલય સામેની રણજી ટ્રોફી એલિટ ગ્રુપ-એ મેચમાં શુક્રવારે બીજા દિવસે તેની પ્રથમ ઈનિંગમાં 585 રનની સરસાઈ મેળવીને પ્રભુત્વ જમાવ્યું હતું, જ્યારે જમ્મુ અને કાશ્મીરે બરોડા સામે 205 રનની સરસાઇ સાથે પોતાની પકડ જાળવી રાખી હતી. બેંગલુરૂમાં હરિયાણાના સુકાની અંકિત કુમારની સદીથી એલિટ ગ્રુપ સીમાંથી નોકઆઉટમાં પ્રવેશવાની કર્ણાટકની આશાનો અંત આવ્યો હતો. 154 રનનો આંકડો પાર કરીને, હરિયાણાએ 2016-17 સીઝન પછી પ્રથમ વખત રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. 2015-16 સીઝન પછી આ પહેલીવાર કર્ણાટકની ટીમ નોકઆઉટ સ્ટેજમાં સ્થાન ચૂકી ગઈ છે. કેરળે બિહારને બે દિવસમાં એક ઈનિંગ્સ અને 169 રનથી હરાવીને અંતિમ આઠમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. કેપ્ટન આયુષ બદોનીની 99 અને સુમિત માથુરની 78* રનની ઈનિંગને કારણે દિલ્હીએ રેલ્વે સામેની ગ્રુપ ડી મેચના બીજા દિવસે સાત વિકેટે 334 રન બનાવીને પ્રથમ દાવમાં 93 રનની સરસાઈ મેળવી હતી.

## વિરાટ કોહલીની 13 વર્ષે રણજી વાપસીની ઇનિંગ માત્ર 15 બોલ સુધી ચાલી

**કોહલી** 15 બોલમાં છ રન કરીને આઉટ થતાંની સાથે જ પ્રેક્ષકોએ પણ સ્ટેડિયમમાંથી જવા માંડ્યા



નવી દિલ્હી, તા. 31 : ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીની 13 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં વાપસીમાં રમેલી પહેલી ઇનિંગ્સ માત્ર 15 બોલમાં ચાલી હતી અને તે એક ચોગ્ગા સાથે માત્ર છ રન બનાવીને આઉટ થતાં તેના ફોર્મને લઇને ચાલી રહેલી ચર્ચાઓ ફરી ઉઠવા માંડી હતી. કોહલી જ્યારે બેટિંગ કરવા મેદાનમાં આવ્યો ત્યારે દર્શકોએ કોહલી કોહલીના નારા લગાવવા માંડ્યા પરંતુ તે આઉટ થતાં જ સ્ટેડિયમમાં શાંતિ છવાઈ ગઇ હતી અને લોકો સ્ટેડિયમમાંથી બહાર નીકળવા માંડ્યા હતા. યશ ધૂલના આઉટ થયા બાદ કોહલી લગભગ 10.30 વાગ્યે ક્રિઝ પર આવ્યો અને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી તેનું સ્વાગત કર્યું. કોહલીએ એક રન બનાવીને પોતાનું ખાતું ખોલાવ્યું અને આ પછી તેણે સાંગવાનના બોલ પર સ્ટ્રેટ ડ્રાઇવ વડે ચોગ્ગો ફટકાર્યો હતો. સાંગવાનના આગલા બોલને પણ એ જ રીતે તે રમવા ગયો અને બોલ અંદર આવીને તેનું ઓફ સ્ટમ્પ ઉખાડી ગયો હતો. સાંગવાનની કારકિર્દીની આ સૌથી મૂલ્યવાન વિકેટ હતી, જેની તેણે જોરશોરથી ઉજવણી કરી હતી.

## રણજી ટ્રોફીમાં છ બેટ્સમેન નર્વસ નાઇન્ટીનો ભોગ બન્યા, બે તો 99 પર આઉટ

**પૂજારા** અને બદોની 99 રને આઉટ થયા, રહાણે, મયંક, ઉપેન્દ્ર અને તોમર નર્વસ નાઇન્ટીનો ભોગ બન્યા

નવી દિલ્હી, તા. 31 : રણજી ટ્રોફી 2024-25ના સાતમા ગ્રુપ રાઉન્ડના બે દિવસમાં ઘણી મોટી ઇનિંગ્સ જોવા મળી હતી, જો કે બે દિવસમાં અત્યાર સુધીમાં 6 બેટ્સમેન નર્વસ નાઈન્ટીનો શિકાર બન્યા છે. જેમાંથી ત્રણ ભારતીય ટીમ તરફથી રમ્યા છે અને બે તો 99ના સ્કોર પર આઉટ થયા હતા. ભારતીય ટીમમાંથી બહાર રહેલા અજિંક્ય રહાણે, ચેતેશ્વર પુજારા અને મયંક અગ્રવાલ એ લોકોમાં સામેલ છે જેઓ નર્વસ નાઈન્ટીઝનો શિકાર બન્યા હતા. રહાણે મેઘાલય સામે 96 રને તો પૂજારા આસામ સામે 99 રને અને મયંક હરિયાણા સામે 91 રન બનાવીને આઉટ થયા હતા. આ ઉપરાંત દિલ્હી અને રેલવે વચ્ચેની મેચમાં બે ખેલાડી નર્વસ નાઇન્ટીનો ભોગ બન્યા હતા. રેલવેનો વિકેટકીપર બેટ્સમેન ઉપેન્દ્ર યાદવ 95 રને જ્યારે દિલ્હીના કેપ્ટન આયુષ બદોની 99 રને આઉટ થયા હતા. રાજસ્થાનનો ઓપનર અભિજીત તોમર 94 રન બનાવીને આઉટ થયો હતો.

**સુડોકુ ૬૩૩૯ - 'કૃતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૫ | | ૬ | ૩ | | ૮ |
| | ૫ | | ૪ | | | ૨ | ૧ | |
| ૬ | | ૮ | | ૯ | | ૪ | | ૫ |
| | | ૬ | | ૭ | | ૮ | | |
| | ૯ | | ૮ | ૬ | | | ૩ | |
| ૮ | | | | ૩ | ૫ | | ૬ | ૪ |
| ૫ | ૬ | | ૭ | ૪ | | | ૨ | |
| | | | | ૫ | | ૬ | ૪ | ૩ |
| | | ૨ | ૬ | ૧ | ૩ | ૫ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

(ઊંધું છાપેલું) ઉકેલ-સુડોકુ ૬૩૩૮

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઉધરસ

કંટકારી લવણ એક એક ગ્રામ મધમાં ચાટવું.

લવણ બનાવવા ભોંય રીંગણી ના છોડ એના પંચાંગ સહિત લાવી ધોઇ ટુકડા કરી માટી ના મટકામાં મીઠા સાથે ભરી, મો કાપડ મટતી થી બંધ કરી મટકું ખાડા માં મૂકી આસપાસ છાણા ગોઠવી બળતું કરાય છે. આ રીતે બનતું લવણ વપરાય છે.

**શબ્દગુંફન - ૬૮૮૨** અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. સુંદર (૫)
૫. સોનું (૨)
૭. શ્વાસ (૨)
૮. ગવૈયો, ગાનારો (૩)
૧૦. હોડી, વહાણ (૨)
૧૨. ખેદાનમેદાન, ફના (૩)
૧૪. પહોંચ, પાવતી (૩)
૧૫. ફરિયાદી, મદારી (૨)
૧૬. ફતેહ, વિજય (૨)
૧૭. ધૂળ, જરાક (૨)
૧૮. વેપાર (૩)
૨૦. આંટો, ફેરો (૩)
૨૨. પારકું, અન્ય (૨)
૨૩. ગધેડો (૨)
૨૪. રોકડું (૩)
૨૫. બાળ ભાષામાં ચવાણું (૨)
૨૬. સીમા વિનાનું (૩)
૨૮. યાચના કરનાર, માગણ (૩)
૨૯. પારકું, અન્ય (૨)
૩૦. મુસાફરી (૨)
૩૧. નજર, યાદદાસ્ત (૩)
૩૨. અંધારિયું, કૃષ્ણ પક્ષનું (૨)
૩૩. આપવું તે (૨)
૩૪. અવાજ, ધ્વનિ (૨)
૩૫. નમસ્કાર (૩)

**ઊભી ચાવી**
૧. વિનાનું, વગરનું (૩)
૨. સ્મરણ (૨)
૩. હેત, સ્નેહ (૩)
૪. દૂધ દેતુ એક ચોપગું પ્રાણી (૨)
૬. સહાયક (૫)
૮. બટન ઘાલવાનું નાકું (૨)
૯. હથેળી (૪)
૧૧. ધારો, પ્રથા (૩)
૧૩. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૧૭. વિદાયગીરી (૪)
૧૮. પતિ (૨)
૧૯. શારીJFક ઇજા (૩)
૨૧. ચાલુ વાતમાં હાજિયો (૩)
૨૨. પગપાળો પ્રવાસ (૪)
૨૫. હેતુ, મુરાદ (૪)
૨૬. પૈડાનો આરો (૨)
૨૭. સહાય (૩)
૨૯. અધોગતિ (૩)
૩૦. શત્રુ સામે આક્રમણ (૨)
૩૨. જંગલ (૨)

(ઊંધું છાપેલું) ઉકેલ-શબ્દગુંફન ૬૮૮૧

## અનુસંધાન ... પાના પહેલાનું

### સોનિયાએ રાષ્ટ્રપતિ...

ભાજપે આને રાષ્ટ્રપતિનું અપમાન ગણાવ્યું હતું અને સોનિયા ગાંધી માફી માગે તેવી માગણી કરી હતી. સંબોધન પછી સંસદની બહાર ચર્ચા દરમ્યાન સોનિયાએ આ ટિપ્પણી કરી હતી જે સમયે તેમના સાંસદ સંતાનો રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હાજર હતા. સોનિયા આ બોલતા હોય તેવો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર ફરતો થયો હતો. ચર્ચા દરમ્યાન, રાહુલ પોતાની માતાને એમ પણ પૂછતા સંભળાયા કે રાષ્ટ્રપતિનું સંબોધન કંટાળાજનક લાગ્યું? જ્યારે સોનિયાની ટિપ્પણી અંગે પૂછવામાં આવ્યું ત્યારે પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે તેમની માતાને રાષ્ટ્રપતિ માટે ખૂબ માન છે અને એ કમનસીબ બાબત છે કે તેમના ટિપ્પણીઓને મીડિયાએ તોડી મરોડીને રજૂ કરી છે. ભાજપના આઇટી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું હતું કે સોનિયા ગાંધી રાષ્ટ્રપતિને બિચારા કહે તે આ ઉચ્ચ હોદ્દાનું અપમાન છે અને આ તેમની માનસિકતા છતી કરે છે. ભાજપના મંત્રી કિરણ રીજીજુએ કહ્યું હતું કે આ ખૂબ વખોડવાલાયક છે. ભાજપે કહ્યું હતું કે સોનિયા ગાંધીએ આ ટિપ્પણીઓ અંગે માફી માગવી જોઇએ.

### ભારતમાં આ...


વધુ રહેવાની સંભાવના છે, એમ મહાપાત્રાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ભારતમાં જાન્યુઆરીમાં સરેરાશ ૪.૫ મીમી વરસાદ પડ્યો હતો, જે ૧૯૦૧ પછી ચોથો સૌથી ઓછો અને ૨૦૦૧ પછી ત્રીજો સૌથી ઓછો વરસાદ હતો. જાન્યુઆરીમાં દેશનું સરેરાશ તાપમાન ૧૮.૯૮ ડિગ્રી સેલ્સિયસ હતું, જે ૧૯૦૧ પછી મહિનાનું ત્રીજું સૌથી વધુ તાપમાન છે, જે ૧૯૫૮ અને ૧૯૯૦માં રહેલા તાપમાન કરતા પાછળ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં હાલમાં ૧૯૦૧ પછીનો સૌથી ગરમ ઓક્ટોબર મહિનો પણ નોંધાયો હતો. અગાઉ ભારતીય હવામાન વિભાગે આગાહી કરી હતી કે જાન્યુઆરી અને માર્ચ વચ્ચે ઉત્તર ભારતમાં વરસાદનું પ્રમાણ સામાન્ય કરતા નીચું રહેશે, જે લાંબા ગાળાની સરેરાશ ૧૮૪.૩ મીમીના ૮૬ ટકા કરતા પણ ઓછું રહેશે.

### ૨૦૧૪ પછી...

કોઈ વિદેશી ચિંગારી નહીં પકડાઈ હૈ, વિદેશ મેં સે આગ લગને કી કોશિશ નહીં હુઈ હૈ એમ મોદીએ સત્ર શરૂ થતાં પહેલાં પત્રકારોને જણાવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષમાં હું આ પહેલું સત્ર જોઈ રહ્યો છું જેમાં કોઈ પણ વિદેશી ખૂણેથી આગ ભડકાવવાનો કોઈ પ્રયાસ થયો નથી એમ વડા પ્રધાને કહ્યું હતું.

તેમની સરકાર શનિવારે તેના ત્રીજા કાર્યકાળમાં તેનું પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કરવા જઇ રહી છે તે વખતે, મોદીએ કહ્યું કે તેમણે પ્રાર્થના કરી છે કે દેવી લક્ષ્મી, જે સંપત્તિ સાથે સંકળાયેલી છે, ગરીબો અને મધ્યમ વર્ગને આશીર્વાદ આપે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બજેટ સત્ર 2047 સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નવા આત્મવિશ્વાસ અને ઊર્જાનો સંચાર કરશે. મોદીએ સંકેત આપ્યો હતો કે ગરીબ અને મધ્યમ વર્ગ અને સાથો સાથ મહિલાઓ માટે નવા પગલાઓ ભરવામાં આવશે. મોદીએ એમ પણ જણાવ્યું હતું કે આ સત્રમાં ઘણા ઐતિહાસિક ખરડાઓ અને દરખાસ્તો પર ચર્ચા થશે, જે છેવટે દેશને મજબૂત કરનાર કાયદામાં પરિણમશે.

# PCBએ ચાહકોને રોકવા માટે ગદ્દાફી સ્ટેડિયમમાં 'ખાઇ' બનાવી, લોકોએ મજાક ઉડાવી



**એક** યૂઝર્સે સોશિયલ મીડિયા પર એવી ટીપ્પણી કરી કે શું તમે તેમાં પાણી ભરીને મગર પણ છોડશો?

લાહોર, તા. 31 : ક્રિકેટ સ્ટેડિયમમાંથી મેદાનમાં પ્રેક્ષકો ઘુસી આવે તેવી ઘટનાઓની ક્રિકેટમાં નવાઇ નથી. એક દિવસ પહેલા જ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી અને રેલવે વચ્ચે રમાઈ રહેલી મેચમાં એક પ્રશંસક સીધો દોડીને સ્લિપમાં ઉભેલા વિરાટ કોહલીના પગે પડ્યો હતો. જો કે, પીસીબીએ આવા મેદાનમાં ઘુસી આવતા પ્રશંસકોને રોકવા અલગ રસ્તો અપનાવ્યો છે અને તે મામલે તેની મજાક ઉડાવવામાં આવી રહી છે. આ મહિને પાકિસ્તાન અને દુબઈમાં શરૂ થઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં, પીસીબીએ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં મેદાનમાં ઘુસી આવતા પ્રશંસકોને રોકવા માટે બાઉન્ડ્રીની નજીક ઊંડો ખાઇ જેવો ખાડો બનાવ્યો છે. આ એક અનોખો અવરોધ અથવા વ્યવસ્થા છે, જે આ પહેલા ભાગ્યે જ જોવા મળ્યું છે. જોકે, જ્યારે તેનો વીડિયો સામે આવ્યો ત્યારે સોશિયલ મીડિયા યૂઝર્સે તેની મજાક ઉડાવી હતી, જેમાં એક યૂઝર્સે તો એવી ટીપ્પણી કરી હતી કે શું તમે અહીં પાણી ભરીને તેમાં મગર પણ છોડશો?

## આજનું પંચાંગ

**તા. 01/02/2025, શનિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1946
**વીર સંવત :** 2551 **માસ :** મહા
**તિથિ:** વદ : સુદ ત્રીજ :11:40 વિનાયક ચતુર્થી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા - 12
**નક્ષત્ર :** પૂ. ભા:- 26:34
**યોગ :** પરિઘ **કરણ :** વણિજ
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.) 21:00 પછી મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** અશુભ - તિલકુંદ ચતુર્થી -શ્રી ગણેશજયંતી- વરદ ચતુર્થી
**સુરતમાંસૂર્યોદય:** 07:17 **સુરતમાંસૂર્યાસ્ત :** 18:27
**નવકારસી :** 08:05
**પારસી વર્ષ :** 1394, શેહરેવર માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, શાબાન માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** તમારા બૌદ્ધિક વિચારો મિત્રોને પ્રભાવિત કરશે.
**વૃષભ (બ.વ.ઉ.):** લાગણી પર કાબૂ રાખવો. સ્ત્રી વર્ગ સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. અપયસ મળી શકે છે.
**મિથુન (ક.છ.ઘ.):** આજે મહત્ત્વના નિર્ણય લેવાનું બને. ધાર્મિક સાહિત્ય અને વસ્તુના વેપારમાં લાભ થાય.
**કર્ક (ડ.હ.):** આંખની કાળજી લેવી. માતા-પિતા સાથે મતભેદ થાય. આરોગ્યના ખર્ચા વધશે. વડીલોનો સાથ મળે.
**સિંહ (મ.ટ.):** નવા કામ મળે. નવા સોદા થાય ભાગીદારીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે.
**કન્યા (પ.ઠ.ણ.):** નોકરીમાં નવી જવાબદારી વધે. સહકર્મીઓનો સાથ મળે. વિજાતિય આવેગ ગેર સમજ પેદા કરશે.
**તુલા (ર.ત.):** પ્રેમ પ્રકરણમાં નવો વળાંક અશાંતિજનક પેદા થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. શેર બજારનાં કામ થાય.
**વૃશ્ચિક (ન.ય.):** ઘરમાં ધાર્મિક પૂજા-પાઠનું આયોજન થાય. લોકોની અવરજવર વધે. બહારનાં કામ થાય.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** વાતચીત અને વ્યવહાર કુશળતાથી અટકેલાં કામ થાય. તેમજ નવા કામમાં સારી પ્રગતિ થાય.
**મકર (ખ.જ.):** વહીવટી કુશળતા અને ઉત્સાહી સ્વભાવના કારણે અચાનક સફળતા મળે. ખાણી-પીણીના કામમાં લાભ.
**કુંભ (ગ.સ.શ.ષ.):** માર્કેટીંગ કમિશન વગેરેના ધંધામાં લાભ થાય. જીવન સાથી સાથે સામાજિક સમસ્યાનું સમાધાન થાય.
**મીન (દ.ચ.ઝ.થ.):** હરીફો ઉપાધિ વધારશે. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. ચોર-લુંટારુંથી સાવધાન. આરોગ્ય બાબતે સાવધાન.

## કોઇ પણ સાલમાં 01 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ફેરફાર, સ્થાનફેર અને નવી જવાબદારી કામ વધારે આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં તાલમેળ રાખવો પડશે. પરિવાર અને નાના સભ્યોની અપેક્ષા માટે સખત મહેનત અને બચત કરવી પડશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. આરોગ્ય સામાન્ય રહે.ઉઘરાણી બાબતે હકારાત્મક રહે. નવા ઘર વાહન મકાન બાબતે વર્ષનો મધ્યભાગ અનુકૂળ રહે. નવા નોકરી ધંધા-વ્યવસાય માટે વર્ષની શરૂઆતમાં હકારાત્મક પરિણામ મળે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનાં કામ ધીમા પડશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળે. સરકારી નોકરીની યોજના હકારાત્મક રહે. વારસો, જાયદાદ, જમીન વગેરેનાં કામમાં કાયદાકીય ગૂંચ વધશે. મિત્રો-વડીલોની મદદ સંતાનોના કામમાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ- ઓગસ્ટમાં નવી નોકરીની અનુકૂળતા વધશે. નવેમ્બર ડિસેમ્બરમાં કામનો બોજ અશાંતિ વધારશે.